શ્રી પ્રજાપતિ એજ્યુકેશન કાઉન્ડેશન – બીલીમોરા દ્વારા  તા. ૨૫-૧૨-૨૦૦૯ નાં દિને સમાજમાં વસતાં ગરીબ પરંતુ તેજસ્વી તારલાઓને વિદ્યાસહાય માટે ચેક વિતરણ કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. સમારંભ શ્રી પ્રજાપતિ વિદ્યાર્થી આશ્રમ, બીલીમોરા મુકામે સવારે ૯.૩૦ કલાકે યોજવામાં આવ્યો હતો. નરેશભાઇ લાડે સર્વેને સ્વાગત પ્રવચન કરી આવકાર્યા હતા. પ્રમુખશ્રી ડૉ. કમલેશ ડી. પ્રજાપતિએ ગત વર્ષ દરમ્યાન થયેલ પ્રવૃત્તિઓનો અહેવાલ આપ્યો હતો. શ્રી મનિષભાઇ મિસ્ત્રીએ આ વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન દક્ષિણ ગુજરાત માંથી આશરે ૨૮ જેટલા વિદ્યાર્થી ભાઇ/બહેનોને રૂા. ૨,૨૫,૦૦૦/- સુધીની રકમ કરવાની છે. આ વિદ્યાર્થી ભાઇ/બહેનોનાં નામ જાહેર કર્યા હતા. આ ચેક વિતરણ આશ્રમનાં પ્રમુખશ્રી દિનેશભાઇ આર. પ્રજાપતિ, ભૂતપૂર્વ પ્રમુખશ્રી દિનેશભાઇ નાનુભાઇ ઇંટવાલા અને સંસ્થાનાં અન્ય સંલગ્ન સંસ્થાનાં પ્રમુખશ્રી અને મંત્રીશ્રીનાં હસ્તક કરવામાં આવ્યો હતો. સમારંભને અંતે શ્રી ધર્મેન્દ્ર મિસ્ત્રીએ પ્રજાપતિ વિદ્યાર્થી આશ્રમ, બીલીમોરા અને અન્ય પધારેલાં આમંત્રિત મહેમાનો અને વિદ્યાર્થી ભાઇ / બહેનો અને કાર્યકર્તાઓનો આભાર માન્યો હતો.

ત્યાર બાદ બપોરે ૨.૦૦ કલાકે આજ સંસ્થા દ્વારા ચેક વિતરણનો કાર્યક્રમ શ્રી નવયુગ પ્રજાપતિ સમાજ, બારડોલી મુકામે આયોજીત કરવામાં આવ્યો હતો. જયાં લગભગ ૧૨ જેટલા વિદ્યાર્થીઓને ચેક વિતરણ શ્રી દિનેશભાઇ કુંવરજી મિસ્ત્રી, બિન્દુ કે. પ્રજાપતિ અને જીજ્ઞાષા એન. લાડનાં હસતક આ ચેક વિતરણ કરવામાં વાવ્યું હતું. આ તબકકે બારડોલી મુકામે સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી ધીરેનભાઇ મિસ્ત્રી અને બળવંતભાઇ પ્રજાપતિએ કર્યુ હતું. દક્ષિણ ગુજરાતમાં આ એક એવી સંસ્થા છે કે જે પ્રજાપતિ સમાજનાં બાળકોને એમનાં ભણતર દરમ્યાન પુરેપુરી મદદ કરે છે. આ થકી હમણાં લગભગ ૨૫ જેટલાં વિદ્યાર્થી ભાઇ / બહેનો સહાય લઇ એમનું ભણતર પૂર્ણ કરી ભવિષ્ય ઉજ્જવળ બનાવ્યું છે. આ સર્વે કાર્યક્રમનાં આયોજન પાછળ શ્રી નરેન્દ્ર લાડ અને દિપીકાબેન મિસ્ત્રીએ કરેલ મહેનત બદલ અંસ્થા એમનો આભાર વ્યકત કરે છે